# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE
an initiative for organ donation


રેફ ન.

તા: ૧૦/૦૯/૨૦૧૫
સુરત

તંત્રી શ્રી, ____________________

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ

[signature]

નીલેશ બિ. માંડલેવાળા, પ્રમુખ

---

## નવસારીના મહેશભાઈ મિસ્ત્રીના અંગદાન થી ત્રણ વ્યક્તિને મળ્યું નવું જીવન

## અને

## બે વ્યક્તિને મળી નવી રોશની

નામ: મહેશ ગંગારામ મિસ્ત્રી ઉ. વ. ૪૫ બ્લડ ગ્રુપ: A- (વ્યવસાય : નવસારીમાં આવેલ પરમેશ કારખાનામાં લેસર મશીન ઉપર જોબ કરતા હતા)

રહેવાસી : પ્લોટ નં ૮/૯૬૯, કુંભારવાડ, નવસારી.

કૌટુંબિક વિગત : પત્નિ : હીના મહેશભાઈ મિસ્ત્રી ઉ. વ. ૪૩

(વ્યવસાય : નવસારીમાં આવેલ પરમેશ કારખાનામાં ઓફીસ વર્ક કરે છે.)

પુત્ર : વિરલ મહેશભાઈ મિસ્ત્રી ઉ. વ. ૧૭

(વઘઈ એગ્રીકલ્ચર કોલેજમાં ડી.એ. એગ્રીકલ્ચર પ્રથમ વર્ષમાં અભ્યાસ)

બનાવની વિગત:

સોમવાર તા. ૭ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ વઘઈ એગ્રીકલ્ચર કોલેજમાં ડી.એ. એગ્રીકલ્ચરમાં અભ્યાસ કરતા તેમના દીકરા વિરલને કોલેજ મુકી મહેશભાઈ અને તેમની પત્ની હીનાબેન નવસારી પરત આવતા હતા. તે વખતે રાનકુવા નજીક અજાણ્યા ફોર વ્હીલર સાથે અકસ્માત થતા મહેશભાઈ અને તેમના પત્ની હીનાબેન બાઈક ઉપરથી પડી જતા મહેશભાઈ ને માથામાં ગંભીર ઈજા થઇ હતી અને હીનાબેનને જમણા હાથે બ્લાન્ટ ફ્રેક્ચર થયુ હતુ તેથી તેમને તાત્કાલીક ચીખલીની સ્પંદન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા, ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ હીનાબેનને નવસારી પારસી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા અને મહેશભાઈને સુરતની [illegible] હોસ્પીટલમાં બપોરે ૦૪:૦૦ કલાકે ન્યુરોસર્જન ડૉ. કે. સી. જૈનની સારવાર હેઠળ બેભાન હાલતમાં દાખલ કરવામાં આવ્યા.

ત્યાર બાદ સી. ટી. સ્કેન કરાવતા, તેમના માથામાં ગંભીર ઈજા હોવાને કારણે મગજમાં હેમરેજ થયુ હોવાનુ માલુમ પડ્યું હતુ. અને તેમની સારવાર શરૂ કરવામાં આવી હતી.

બુધવાર તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ન્યુરોસર્જન ડૉ. કે. સી. જૈન અને ન્યુરોફીઝીશ્યન ડૉ. અનીરૂધ્ધ [illegible] તેમને બ્રેઇનડેડ જાહેર કર્યા.

ક્ર...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE
an initiative for organ donation



ન્યુરોસર્જન ડૉ. કે. સી. જૈને ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી મહેશભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

નિલેશ માંડલેવાલા અને એપલ હોસ્પીટલના મેઈન્ટેનન્સ ડીપાર્ટમેન્ટના હેડ મિતેષે મહેશભાઈના પુત્ર વિરલ, ભાઈશ્રી રાજુભાઈ, પિતરાઈ ભાઈશ્રી હેમંતભાઈને અંગદાન અંગેની માહિતી આપી, અંગદાનની પ્રક્રિયા સમજાવી અને ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

હેમંતભાઈએ નવસારીમાં રહેતા મહેશભાઈના માતુશ્રી જયાબેનને તેમના પુત્રના બ્રેનડેડ અંગેની માહિતી આપી અને ઓર્ગન ડોનેશન અંગે જણાવ્યું.

મહેશભાઈના માતુશ્રી જયાબેન, પુત્રશ્રી વિરલ, ભાઈશ્રી રાજુભાઈ, પિતરાઈ ભાઈશ્રી હેમંતભાઈ તેમજ અન્ય પરિવારજનોએ જણાવ્યું કે અમારું સ્વજન બ્રેનડેડ થઇ ચુક્યું છે. અને તેમનું મૃત્યુ નિશ્ચિત છે. તેમની અંતિમ ક્રિયા કરીને શરીર બાળીને રાખ થઇ જાય તેના કરતા કોઈ જરૂરિયાતમંદને તેમના કિડની અને લીવર થકી નવી જીંદગી મળતી હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાન અંગે સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ના ટ્રાન્સપ્લાન્ટ કો-ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી અંગદાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જયારે બે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાન માં મેળવવામાં આવેલી બે કિડની પૈકી એક કિડની બનાસકાંઠાના હરીયાબેન એમ. બારોટ ઉ. વ. ૩૨ અને બીજી કિડની વડોદરાના ભરતભાઈ એમ. વ્યાસ ઉ. વ. ૫૨ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લીવર અમદાવાદના કનૈયાલાલ મનસુખલાલ પટેલ ઉ. વ. ૬૪ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

બંને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં મહેશભાઈના માતુશ્રી જયાબેન , પુત્રશ્રી વિરલ, ભાઈશ્રી રાજુભાઈ, પિતરાઈ ભાઈશ્રી હેમંતભાઈ તેમજ સમગ્ર મિસ્ત્રી પરિવાર, ન્યુરોસર્જન ડૉ. કે. સી. જૈન, ન્યુરોફીઝીશ્યન ડૉ. ચંદ્રશેખર આપ્ટે,ડૉ. નેહા પટેલ, ડૉ. સાગર આસોદરિયા, એપલ હોસ્પિટલના સંચાલકો અને સ્ટાફ તથા ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રીશ્રી રાકેશ જૈન અને ટ્રસ્ટી શ્રી હેમંત દેસાઈ, સુલભ જીકાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૨૮ કિડની, ૩૯ લીવર, ૩ પેન્ક્રીઆસ અને ૧૦૨ ચક્ષુઓનું દાન મેળવીને ૨૭૨ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961